12 ઊમૂર ન્યૂઝલેટર

સિલ્કે હયાત

ઉમુર ફૈઝુલ મવાએદિલ બુરહાનીયા

અંક 5 | શવ્વાલ 1442 હી. | ગુજરાતી

ફાતેમી ફલસફતમાં જમન ની હુરમતમાં ઘણી ઝીકરો આવી છે. જમણની એટલી હુરમત છે કે જમણના વાસણની પણ સાથે હુરમત કરાય છે - જમણનું થાળ, સફરા એવી રીતે દરેક વસ્તુ માટે મુમેનીનના દિલમાં કદર છે.

મવાઈદ ની થાળી જોઈ દરેક મુમીન મુમેનાને મવલાનલ મીનઆમ (ત.ઉ.) ની બેશુમાર નેઅમતોનો અહેસાસ થાય છે. થાળી મૌલાનાના મોહબ્બત અને શફકતની નિશાની છે. અને ફૈઝુલ મવાઈદ વાસ્તે યે એક નેક શિઆર (emblems) બની ગયું છે.

અનાજનાં દરેક દાના નુ મહત્વ

મસૂલ અલ મૌઝે- મુલ્લા મુસ્તનસીર અબ્દઅલી

અણુની (atom) લાક્ષણિકતાઓ: -

અલ્લાહ તા'આલાએ દરેક એટોમને મોટી શક્તિ આપી છે. રસાયણશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રના ઘણા નિષ્ણાતો માને છે કે દરેક જીવો અસંખ્ય જુદા જુદા પરમાણુઓની એકરૂપ કરીને બનાવ્યું છે.

પરમાણુ ની શક્તિનો ઉલ્લેખ કરતા એક શ્લોક મા સૈયદના તાહેર સૈફુદ્દીન જણાવ્યું છે કે:

ان تفتكر في قوة ذرية * بالعقل تعرف قدرة لمقدر

(જો તમે તમારી બુદ્ધિથી વિચાર કરો છો, તો અણુની (atom) શક્તિમાં તમે અલ્લાહ તા'લાની પરાક્રમતાની હદ શોધી શકશો)

આ શ્લોક અને વિધાન એ સાબિત કરે છે કે અણુ(atom) તેની પ્રકૃતિમાં નાનું હોવા છતાં, અલ્લાહ તા'આલાએ તેને મોટી શક્તિ આપી છે, અને જે પણ તેની બુદ્ધિથી તેનો વિચાર કરે છે તે અલ્લાહ તા'આલાની ક્ષમતા સમજી શકશે નાના કણો વિશાળ શક્તિ ધરાવે છે.

-નાના પદાર્થો વિશાળ શક્તિ ધરાવે છે-

રસુલુલ્લાહ (સ.અ.વ). જણાવે છે: "જે પોતાના ભોજન ના પહેલાં અને પછી એક ચપટી મીઠું ચાખશે તે 72 વિવિધ બિમારીઓથી રોગમુક્ત થાય છે"

મીઠું તેની અનન્ય પરાક્રમ સાથે, વિશ્વભરમાં ઉજવવામાં આવે છે અને કેટલાક લોકો દ્વારા યોગ્ય રીતે "ગોલ્ડ" તરીકે ઓળખવામાં આવે છે, અને તેમના દ્વારા તબીબી હેતુઓમાં વારંવાર ઉપયોગમાં લેવાય છે

મીઠાની મહાન શક્તિ પર ભાર મૂકતા, રસુલ્લાહ (સ.અ.વ) જણાવે છે: " જો લોકો જાણે કે મીઠું શું છે અને તે તેમના સ્વાસ્થ્ય માટે કેવી રીતે ફાયદાકારક છે, તો તેઓ ઇલાજ માટે કોઈ અન્ય ઔષધિ અથવા દવાઓ પર ક્યારેય ઝુકાવ નહીં કરે.

બુદ્ધિશાળી લોકો માટે રસુલ્લાહનું(સ.અ.વ) આ નિવેદન અલ્લાહ તાઆલની મહાન ક્ષમતાને જણાવે છે, અને એમ સમજાવે છે કે કેવી રીતે અલ્લાહ તેની સાવચેતીપૂર્ણ યોજનાથી એક નાના મીઠાના કણમાં રૂઝની શક્તિ મૂકી છે.

તેવી જ રીતે અલિયાઉલ્લાહ (સ.અ) ના કબર મુબારક પર મૂકવામાં આવી ગુલાબની પાંખડીઓ, પ્રકૃતિમાં નાની

છે,પરંતુ અલ્લાહ તાઆલાએ તેમને એવી ઉપચાર શક્તિ આપી છે કે જો મોમિન દ્વારા વિશ્વાસ સાથે લેવામાં આવે તો ઘણાં ખતરનાક અને અસાધ્ય રોગો સરળતાથી ઉપચાર કરવાની શક્તિ ધરાવે છે.

-દરેક અનાજ ના દાના નુ મહત્વ અને માન-

અનાજનો દાના જ્યારે વિચાર આપવામાં આવે ત્યારે તે અણુ (atom) જેવો હોય છે, એક અનાજના દાના ને જ્યારે ઉગાડવામાં આવે છે અને તેનું પાલન થાય છે, ત્યારે તે પોતાની જાતમાંથી સેંકડો અનાજ ના દાના પેદા કરે છે.

પ્રકૃતિના દરેક તત્વ તેના વિકાસમાં ફાળો આપે છે- આકાશ તેના પાણીથી, સૂર્ય તેના પ્રકાશથી અને ખાતરોવાળી જમીન અને અન્ય મહત્વપૂર્ણ તત્વો જે તેના વિકાસમાં મદદ કરે છે.આ પ્રક્રિયા એ પ્રાકૃતિક રીતે અનાજની ખેતી કરવાની

તેમની ફરજ નિભાવવાની રીત છે, આખરે માનવજાતને લાભ પહોંચાડવાની તેની વાસ્તવિક શક્તિનો ઉપયોગ કરે છે.

ફૈઝુલ મવાઈદમાંથી હદિયા
તરીકે આપેલી નમકદાની

આ રીતે મોટાભાગના વિદ્યાવ્યાસંગી દ્વારા અનાજ ના દાના નું મહત્વ અને સૌમ્યતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેઓ ઉલ્લેખ કરે છે કે તે હૃદય રોગને મટાડે છે, વજન નિયંત્રિત કરે છે અને પેટને સાફ કરે છે કારણ કે તેમાં ઝીંક,
આયર્ન અને મેજેનેસિયમ જેવા ખનિજો શામેલ છે.આમ અનાજનો એક નાનો કણ અને તેની ક્ષમતા અને ફાયદા અલ્લાહ તા'લાની દિવ્ય અને અપાર શક્તિ પ્રદર્શિત કરે છે.

-અવલીયા ઉલ્લાહ (સ.અ.) ની આંખોમાં અનાજ ના દરેક દાના ની કિંમત અને આદર-

અલિયાઉલ્લાહ(સ.અ.) હંમેશા દાના ના મહત્વ પર ભાર મૂક્યો છે,અને મુમિને ને હંમેશા એક દાનો પણ ન બગાડવા સૂચના આપી છે.
આવો જ એક દાખલો મૌલાના અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ની એક પ્રસંગે બૈતુલ ખલાની મુલાકાત દરમિયાન થયો જેમાં એક ખજુર બૈતુલ ખલાના ફરશ પર પડેલો જોવા મળ્યો હતો. આપયે તેને ઉપાડ્યું અને તેને પકડી રાખવા માટે આપના ગુલામને આપ્યો ,અને જ્યારે તેઓ બૈતુલ ખલાથી બહાર નીકળે ત્યારે તેને તે ખજુર પાછો આપવાનો આદેશ આપ્યો.
જ્યારે ઇમામ (અ.સ.)બૈતુલ ખલાથી બહાર આવે છે અને ગુલામથી ખજુરનુ પૂછ્યું ત્યારે ગુલામ જવાબ આપ્યો કે તે ખાઈ ગયો છે. આ સાંભળીને, ઇમામ (અ.સ.) એ ગુલામને એમની સ્વતંત્રતા આપી અને કહ્યું કે તેઓ જાન્નતના રહેવાસીને તેમના ગુલામ બનાવે તે તેમને ગમતું નથી.
આ ઘટના અનાજના મહત્ત્વનુ પ્રદર્શન કરે છે. અને બતાવે છે કે તેના આદરથી કેવી રીતે ગુલામને સ્વતંત્રતા અને જાન્નતમાં સ્થાન પ્રાપ્ત થાય છે.
આકા મૌલાએ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.) પોતાના એક ઉપદેશમાં અનાજના દાના ને મોહબ્બત સાથે જોડ્યું છે. આપ જણાવે છે "જેમના હૃદયમાં સરસિયાના દાણા જેટલી પણ બુરહાનુદ્દીન મૌલાની મોહબ્બત હતી,તેઓ આપના જાનઝા સુધી પહોંચી ગયા એ જ રીતે, જ્યારે એક નાના સારા કાર્યને મોહબ્બત અને પ્રામાણિકતા સાથે એક મોમિન દ્વારા કરવામાં આવે છે, તો તે ખૂબ મોટા સારા કાર્યોમાં રૂપાંતરિત થઈ જાઇ છે.અનાજની શક્તિની જેમ, મોહબ્બત અને ભક્તિમાં શક્તિ છે, જે ભક્તને તેના પ્રિય સાથે જોડવાની શક્તિ રાખે છે અલ્લાહ તાઆલા અમને દરેક દાના નો આદર કરવા,તેનાથી અતિશય લાભ મેળવવા અને અલ્લાહ તા'લાની દૈવી શક્તિને સ્વીકારતા રહેવા માટે બુદ્ધિ અને તાકાત આપે અલ્લાહ તાઆલા અકા મૌલા સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.) ને કયામત ના દિવસ સુધી લાંબી અને સમૃદ્ધ જીવન આપે. આમિન આજે ફૈઝ ઉલ મવાઈદ ઇલ બુરહનીઆહ દ્વારા, સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ)અનાજના દરેક દાનાની સ્વીકૃતિ માટે માર્ગદર્શન આપી રહ્યા છે.આ પરીક્ષણ સમયમાં, સૈયદના (ત.ઉ) ફૈઝ લ મવાઈદ ઇલ બુરહનીયાહના દ્વારા માત્ર ભોજન પ્રદાન નથી કરતા, પરંતુ આશીર્વાદ અને પ્રાર્થનાઓ પણ આ ભોજન સાથે મોકલી રહ્યા છે.
આકા મૌલા (ત.ઉ) ના માર્ગદર્શન હેઠળ, દાના કમિટી ખૂબ જ નિષ્ઠા અને સમર્પણ સાથે ખિદમત કરી રહી છે. તેમનું સમર્પણ એ અનાજના હર દાના નુ મહત્વને પ્રકાશિત કરતો એક વસિયતનામું છે.

આમ અનાજનો એક નાનો કણ અને તેની ક્ષમતા અને ફાયદા અલ્લાહ તા'લાની દિવ્ય અને અપાર શક્તિ પ્રદર્શિત કરે છે

આલમે ઈમાન થી ઉમુર ફૈઝુલ મવાએદિલ બુરહાનીયા ની ઝલક

જેવુ મહત્વપૂર્ણ કામ, તેવુ આધુનીક કીચન

મુસ્તફા ભાઈ સાબ વજીહી, આમિલ સાહેબ - રાજકોટ

દાઊદી વોહરાની એક અલગ ઓળખાણ છે. ઈબાદુલ્લાહ સાથે કૌમના વેપારથી જમણ સુધી એક ખાસ છાપ છે. એહમાં સૈદના મોહમ્મદ બુરહાનુદ્દીન (ર.અ.) અને સૈદના આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.) ના કહેવાથી કાઈમ થયેલી ફૈઝુલ મવાઈદિલ બુરહાનિયા એક એહવું અઝીમ અમલ છે કે જેની ચર્ચા આખી દુનિયામાં છવાઈ ગઈ છે. જ્યારે શરૂઆત થઈ ત્યારે બધા ગામોમાં જેમ સગવડ હતી તેમ જમન તૈયાર થાતું અને ઘરોમાં પહોંચાડવામાં આવતું. આજે મૌલાનાના ફરમાન પ્રમાણે આ ચીઝ ટોંચ પર પહોંચી છે કે હવે તે માટે smart Kitchen તૈયાર થાય.

smart Kitchen ની ખૂબી એ છે કે તેમાં સમય અને મહેનતની બચત થાય. Environmental Friendly હોવાના લીધે જમન ભી સારી Quality અને સ્વાદનું બને. આ ફાયદાઓને ધ્યાનમાં રાખીને રાજકોટમાં Smart Kitchen બનાયું છે.

પહેલા જે કીચન હતું તે નાનું પડતું હતું પકાવનાર Hygiene નો ખ્યાલ રાખી ના શકે અને જમણ તૈયાર કરવામાં પણ એક પછી બીજુ step by step થાતુ અને વખત પર તૈયાર કરવું મુશ્કેલ લાગતું.

smart kitchen બનાવાથી આ બધી તકલીફ દૂર થઈ. હવે જમનમાં પણ ફરક દેખાય છે. સગવડના લીધે quality maintain કરી શકાય છે અને સમયની બચત થઈ જાય છે. હવે સારી રીતે ધ્યાન આપી સ્વાદની બાબતે પણ improvement થઈ રહ્યું છે.

મુમેનીન આ બદલાવને લીધે ઘણાં શોક અને ચાવથી આ ફૈઝની બરકત લઈ રહ્યા છે. અને વધારે મુમેનીનને ફૈઝની બરકત પહોંચી રહી છે.

મોલાનલ મીનઆમની દુઆના તુફેલમાં આ રીતે શક્ય થયું છે. અપના મૌલા અપના જીસ્મ અને જાનની ગીઝાની કફફાલત લઈ રહ્યા છે.

ઉમુર સેહત વાસ્તે Awareness Program

બરવાની

28મી રજબ 1442 હી. બરવાની માં ફૈઝુલ મવાઈદિલ બુરહાનિયાના ખિદમતગુઝારોએ પ્રોગ્રામ કીધો જેમાં diagnostician, physiotherapist અને orthopedic surgeon યે ઘણું ખૂબીથી બધાને સમજાયું કે કઈ તરહ અપને રોજીંદા ખોરાકમાં જરૂરી પોષક તત્વો લઈને તંદુરસ્તીને જાળવી શકાય અને કસરતનું પણ મહત્ત્વ સમજાવતા બતાવ્યું કઈ રીતે ગૂંથણ, ગરદન અને પીઠના દુઃખાવાને રોકી શકાય છે. જેનાથી મોટી ઉંમરે દુઃખાવા ન આવે.

આવનાર પેઢી ની તૈયારી

લોનાવલા

યુવાનોએ ફૈઝુલમવાઈદિલ બુરહાનીયાની ખીદમતોને તરતીબથી બતાવા Model બનાયું અને ખીદમતોના જુદા જુદા તરીકા આ પ્રમાણે બતાયા.

- અનાજ ઊગે છે.
- અનાજને લણે છે અને procure થાય છે.
- ઝબીહત
- જમન પકાવામાં આવે છે.
- રોટી બનાવામાં આવે છે.
- થાલી ભરાઈ છે.
- થાલી મુમેનીન ને પહોંચાડવા માં આવે છે.
- મુમેનીન જમન લે છે.
- મુમેનીન જમન જમે છે.

આ Model હુઝુરે આલામાં ભી અરઝ થયું.

જમન ના Packets Distribution

સિતામુ

15મી નવેમ્બર 2020માં સિતામુમા દાના કમિટીયે જરૂરતમંદ લોકોને 300 Food Packets તકસીમ કીધા જેમાં સબ્ઝી રોટી આપવામાં આવી.

દરેક પેકેટનો ખર્ચ લગભગ 100 રૂ. જેટલો થયો. મેમ્બર્સ આખા ગામમાં ફેલાઈને વહેંચણી કરી. અને જે લોકોને જમન મીલું યે ખુશીનો ઈઝહાર કીધો અને આ રીતે દાના કમિટીયે પોતાના શિઆરને ઊંચો કીધો. "જીતનું બની શકે ઇતનું ઇબાદુલ્લાહની મદદ કરવું."

આ રીતે 3 વરસથી જમન તકસીમ કરી રહ્યા છે.

1419 હી મિસરમાં એક નોહજત જદીદાહ

શેખ ઈદરિસભાઈ ખોરાકીવાલા

લગભગ 22 વર્ષ પહેલા મુફદ્દલ મૌલા (ત.ઉ.શ.) યે અમને ઈર્શાદ ફરમાવ્યો કે કાહેરામાં દરેક મુમીનના ઘરે જમણ મોકલવામાં આવે અને આ અમલ 2 દિવસમાં શરૂ થઈ જાય.

Bakery Business માં હોવાના લીધે Industrial Cost પર જમણ અને અનાજ Procure કરવું સહેલ થયું, આ ખિદમત દરરોજ અંજામ આપવા માટે એક Team બનાવી, તમામ Process ને તબક્કાઓ માં વહેંચી અને દરેક વ્યક્તિને એક કામ સોંપ્યું, દરેક ઘરમાં જમણ પહોંચાડવાની ખિદમત માટે Team Building ની આવડત બધા કરતાં મહત્વપૂર્ણ હતી, Proper Delegation ના પરિણામે અને Feedback પર જવાબો આપવાથી ઘણા સારા પરિણામો મળ્યા, મુમેનાત બેહનો પણ આ ખિદમાતમાં શામિલ થાય. જેમકે Menu સેટ કરવામાં, થાળી ભરવામાં, distribution વગેરે. તમામ ખિદમતગુઝારો માટે એ Motivation પૂરતું હતું કે, "મૌલા (ત.ઉ.શ.) યે ફરમાવ્યું છે".

થાલીના નાણાકીય સારા આયોજન કરવાના લીધે ઘણા ફાયદા થયા, એક ન્યાઝની કિમતની ગણતરી કરવાથી અને રોજિંદા ખર્ચની નોંધ કરવાથી ઘણો સહેલ થયું અને Funds ભેગું કરવામાં સહેલ થયું. મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.)ની દુઆ મુબારકના લીધે અલમોઈઝીયતુલ કાહેરામાં આટલા વર્ષોથી થાલી મોકલવાનું અમલ શરૂ છે અને બેહમ્દીલ્લાહ તઆલા આ અમલમાં એક દિવસ પણ ગાળો નથી પડ્યો.

15મી નવેમ્બર 2020માં સિતામુમા દાના કમિટીયે જરૂરતમંદ લોકોને 300 Food Packets તકસીમ કીધા જેમાં સબ્ઝી રોટી આપવામાં આવી.

દરેક પેકેટનો ખર્ચ લગભગ 100 રૂ. જેટલો થયો. મેમ્બર્સ આખા ગામમાં ફેલાઈને વહેંચણી કરી. અને જે લોકોને જમન મીલું યે ખુશીનો ઈઝહાર કીધો અને આ રીતે દાના કમિટીયે પોતાના શિઆરને ઊંચો કીધો. "જીતનું બની શકે ઇતનું ઇબાદુલ્લાહની મદદ કરવું." આ રીતે 3 વરસથી જમન તકસીમ કરી રહ્યા છે.

શેહરૂલ્લાહિલ મોઅઝ્ઝમ

ફૈઝુલ મવાઈદિલ બુરહાનિયાહ

1,20,000

ન્યાઝ ના જમણ

દરરોજ એક લાખ વીસ હજાર મુમેનીન એ ફૈઝુલ મવાઈદિલ બુરહાનિયાહ ના ઝરીઆ થી ન્યાઝ ના જમણ ની બરકત લીધી.

1,12,000+

સિહોરી

શેહરૂલ્લાહિલ મોઅઝ્ઝમ પહેલા મુમેનીનના ઘરોમાં એક લાખ બાર હજાર સિહોરી ના પેકેટ મોકલવામાં આવ્યા,

3700 કીલો

મદીના ના અજવા

હિન્દુસ્તાન ના ગામો માં લૈલતુલ કદ્ર-લઈલતુલ મિલાદે દાઈઝ ઝમાન (ત.ઉ.શ.) માં ઇફ્તાર માટે મદીના મુનવ્વરાના 3700 કિલોગ્રામ અજવા મોકલવામાં આવ્યા.

1000

Finance વેબીનાર

આવતા વર્ષના ન્યાઝની તખમીન અલા અહસનીશ શાકેલત થય શકે તે માટે FINANCE ના એક હઝાર મેમ્બરો એ કુલ 7 વેબીનારમાં હાજરી આપી,

25000

હદિયા

ન્યાઝ માં શામિલ થાનાર 25 હજાર કરતાં વધુ મુમેનીનને હુઝૂર આઅલા (ત.ઉ.શ.) તરફ સી હદિયા આપવા માં આવ્યા

30

મેનૂ

તમામ ગામો માં BALANCED DIET(સંતુલિત આહાર) ને ધ્યાનમાં રાખતા 30 MENUS મોકલવામાં આવ્યા.

દર વર્ષ શેહરે રમઝાનમાં ન્યાઝ ના જમણ માટે ભેગા થવું -એ શેહરૂલ્લાહ નો મહત્વનો અને યાદગાર હિસ્સો છે, મૌલાનલ મીનઆમ (ત. ઉ. શ.) ની દુઆ મુંબરક થી આ વર્ષ મૌજુદા હાલત ના બાવજૂદ આલમે ઈમાન ના તમામ મુમેનીન એ ફૈઝુલ મવાઈદિલ બુરહાનિયાહ ના ઝરીઆથી ન્યાઝ ની બરકત લીધી.

ACTIVITY OF THE MONTH

Beat the Heat!

This summer - refresh and energise your body with

Lemony Honey Refresh



This drink has electrolytes like sodium, potassium, chloride which will help maintain body pH and prevent muscle cramps, a common ailment during summer due to dehydration. The fennel is perfect for digestion and basil seeds act as a coolant!

મુમેનીન ની તસવ્વૂરાત

FMB માં પેકીંગ અને ડિસ્ટ્રીબ્યુશન

પૂનામાં રોજ FMB ની 1100 થાલી પેક કરીને ડિલીવરી કરવાની હોય છે. જ્યારે કોવિડની બિમારી છે કરફ્યુ છે ઘણી ગરમી છે, તેવા હાલાતમાં મોલા (ત.ઉ.શ.) નો એક મોઅજેઝો છે કે આ થાલીઓ બરાબર પહોંચી જાય છે

અલીઅસગર પરીઈમસ વાલા, ફખરી મોહલ્લા પૂના

મારું યાદગાર સ્વપ્નું

એક વખત મને સપનું થયું એહમાં સૈયદના મોહંમદ બુરહાનુદ્દીન (રી.અ.)ની ઝીયાફતનું શરફ નસીબ થયું. જે વખતે મોલા પાછા પધારી રહ્યા હતા તે વખતે મારા બાવાજીએ જે કામમાં મુશ્કિલો આવે છે તેની અરઝ કીધી. મોલા (રી.અ.) યે ફરમાયું કે હર જુમેરાતના દિને સલવાતનું જમણ તકસીમ કરો, તેનાથી મુશ્કિલો આસાન થઈ જાશે. હમે 1439 હિ. થી આ પ્રમાણે અમલ કરી રહ્યા છે

મુરતઝા તારનીકવાલા, નાસિક

FAIZ AL MAWAID
AL BURHANIYAH

SILK-E-HAYAAT